# જિલ્લામાં ૧૭ હજાર પોસ્ટલ બેલેટની માંગણી

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લામાં ૧૭ હજાર કર્મયોગીઓએ પોસ્ટલ બેલેટની માંગણી અત્યાર સુધીમાં રજુ કરી છે. જયારે ૩૫૦થી વધુ કર્મચારીઓને ઈલેક્શન ડ્યુટી સર્ટિફીકેટ ઈસ્યુ કરી દેવાયા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આવેલ પાંચ વિધાનસભા મતવિસ્તાર છે અને તે ત્રણ લોકસભા બેઠક પર વહેંચાયેલા છે. પોસ્ટલ બેલેટ ઉપરાંત સર્વિસ વોટર્સ પણ અલગથી નોંધાયેલા છે.

સર્વિસ વોટર્સને તેમના બેલેટ પેપર મોકલી દેવાયા છે. જે ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયા પછી ૨૪ કલાકમાં જ મોકલવામાં આવતા હોય છે. પોસ્ટલ બેલેટ રવાના કરવામાં આવી રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં ચૂંટણી વિષયક ફરજો ૬ હજારથી વધુ કર્મચારીઓને સોંપવામાં આવેલી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૬મી એપ્રિલના રોજ પોલીસતંત્રના કર્મયોગીઓનું મતદાન જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે યોજવામાં આવનાર છે.

ચૂંટણીની ફરજો માટે પસંદ કરાયેલા કર્મયોગીઓની તાલિમ આજથી શરૂ થઈ છે અને આ કર્મયોગીઓને પણ પોષ્ટલ બેલેટથી મતદાન કરી શકે તે માટેની સુવિધા તાલિમ કેન્દ્ર ખાતે ઉભી કરવામાં આવે છે.

# જિલ્લામાં ૨૫ મહિલા મતદાન મથકો અને પાંચ દિવ્યાંગ મતદારો માટે મતદાન મથકો બનાવાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં લોકસભાની ચૂંટણી માટે ૨૫ મહિલા મતદાન મથકો તેમજ પાંચ દિવ્યાંગ મતદારો માટે ખાસ મતદાન મથકો ઉભા કરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જે પાંચ દિવ્યાંગ મતદારો માટે ખાસ મતદાન મથકો ઉભા કરવામાં આવનાર છે તેમાં દહેગામમાં હાલીસા ખાતે, ગાંધીનગર (દ)માં આલમપુર ખાતે, ગાંધીનગર (ઉ)માં ગાંધીનર-૪૬ મતદાન મથક નંબર અને માણસામાં મંડાલી ખાતે તો કલોલમાં કલોલ શહેરના ૩૬ નંબરના બુથમાં આ મતદાન મથક બનાવવામાં આવશે.

મહિલા મતદારો માટે પણ ખાસ મતદાન મથકો ઉભા કરવામાં આવનાર છે. આ મતદાન મથકોમાં મહિલા કર્મચારીઓ જ બધીજ ફરજો બજાવશે. આ મહિલા મતદાન મથકો ૨૦૧૭મી વિધાનસભા ચૂંટણીમાં તેમજ ૨૦૧૪ની લોકસભા વખતે પણ બનાવવામાં આવ્યા હતા. આ મતદાન મથકોને ખાસ સજાવવામાં

● અનુસંધાન પાન-૭ પર

# આરટીઓમાં ડ્રાઈવીંગ ટ્રેકના કોમ્પ્યુટર બંધ રહેતા લાયસન્સનુ કામ ઠપ્પ

**કોમ્પ્યુટર વારંવાર બંધ થતા ડ્રાઇવીંગ ટેસ્ટ લેવાનુ મુશ્કેલ : અરજદારોમાં આક્રોશ**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટેસ્ટના ટ્રેકની કામગીરી વારંવાર ખોરવાતા લાયસન્સ માટે આવતા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. ડ્રાઈવીંગ ટ્રેક માટેના ચાર કોમ્પ્યુટરો પણ બંધ થતા ટ્રેકનુ કામ પણ ખોરંભે ચઢે છે. ગ માર્ગ પર સ્થિત આર ટી ઓની મોડેલ કચેરીમાં સર્વર ડાઉન હોવાના લીધે પણ અરજદારોએ ગોથે ચઢવાનો વારો આવે છે. જયારે બંધ ટ્રેકના લીધે પણ અરજદારો માટે મોટો શિરદર્દ ઉભો થાય છે.

નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં પેપરલેસ વહીવટ ચાલતો હોવાની મોટી વાતો વચ્ચે રોજબરોજ અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. મોડેલ આર ટી ઓ કેચરીની સુફિયાણી વાતો વચ્ચે અરજદારોના કામો થતા નથી. અગાઉ આર સી બુક પણ સમયસર ન મળતા નાગરિકો માટે સમસ્યા ઉભી થઈ હતી. જયારે વાહન માલિકોના વાહનોના નંબરો પણ નિયત સમયે ન પડતા નાગરિકોમાં રોષ ભરાયો હતો. આર ટી ઓ કચેરીમાં ઘુસતા વેત જ સમસ્યાઓ શરૂ થઈ જાય છે.પાર્કીંગ માટે પુરતી જગ્યા ન હોવાથી સંકુલમાં આડેધડ વાહનો પાર્ક થયેલા જોવા મળે છે. જયારે ગ માર્ગ પર વચાળે જ વાહનોનો ખડકલો થઈ જાય

● અનુસંધાન પાન-૭ પર

# ચૈત્ર ચઢયો આકાશે : અગનગોળા વરસ્યા

**ગઇકાલની સાપેક્ષમાં એક મહત્તમ તાપમાન એક ડિગ્રી ઉંચકાયુ : લઘુત્તમ તાપમાન પણ ૪.૨ ડિગ્રી ઉંચુ આવતા સવારનો તાપ પણ આકરો બન્યો : અંગ દઝાડતી ગરમીથી નગરજનો બેચેન**

ગાંધીનગર તા ૧૨

ઉનાળો શરૂઆત થી અત્યંત આકરો પુરવાર થયો છે. ગઈકાલે




અંગ દઝાડતી ગરમી સહન કર્યા બાદ આજે ચૈત્ર આકાશે ચઢતા સુરજદાદા ઉગ્ર બનતા આકાશમાંથી અગ્નજવાળ વરસી હતી. સવારથી જ આક્રમક ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા હતા. ચામડીને દાહ આપતા હીટવેવથી નગરજનો પરેશાન થઈ ગયા છે. ગત માર્ચ મહીનાથી ગરમીનો પારો સતત ૪૦ ડિગ્રીની ઉપર જોવા મળે છે. જયારે હવે ગરમી ધીમે ધીમે હદ વટાવતા આજે મહત્તમ તાપમાન ૪૨.૪ ડિગ્રી પહોંચી ગયુ હતુ જે ગઈકાલની સાપેક્ષમાં ૦.૮ ડિગ્રી વધુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ આશ્ચર્યજનક રીતે ૪.૨ ડિગ્રી ઉપર આવતા ઢળતી સાંજ બાદ પણ નગરજનોએ વાતાવરણમાં ગરમીનો અહેસાસ કર્યો હતો.

ગાંધીનગરમાં ઉનાળાની શરૂઆત થી જ ગરમીનો પારો હોટ છે. રોજબરોજ મહત્તમ તાપમાન ઉંચે ચઢતા શહેરીજનો દિવસે દિવસે વધુ આકરી ગરમી અનુભવી રહ્યા છે. હજુ તો ઉનાળાની શરૂઆત જ થઈ છે ત્યાં નગરજનો ગરમીથી તોબા પોકારી ગયા છે. ગત માર્ચ મહીનાથી જ ગરમીએ આકરો મિજાજ બતાવતા આ વર્ષે ગરમીની ઋતુ વધુ અસહ્ય બની રહેશે તેનો અહેસાસ નગરજનોએ કરી લીધો હતો. દિવસો વિતતા જાય છે તેમ ગરમીનો મિજાજ પણ નિખરતો જાય છે. છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો ૪૦ ડિગ્રીની પાર છે ત્યારે ગઈકાલે પણ મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી નોંધાયુ હતુ. જયારે આજે ગરમીનુ પ્રમાણ વધુ એક ડિગ્રી વધ્યુ હતુ. અલબત્ત ૪૨.૪ ડિગ્રી સુધી મહત્તમ તાપમાન પહોંચી ગયુ હતુ. જેના લીધે સવારથી જ વાતાવરણમાં આકરી ગરમીનુ મોજુ ફરી વળ્યુ હતુ. બપોર થતા આકાશમાંથી અંગારા વરસવાનુ શરૂ થયુ હતુ. ચૈત્ર મહીનાના પ્રારંભથી જ ગરમીનો પારો દિનપ્રતિદિન ઉંચકાઈ રહ્યો છે. જયારે આજે ગરમી ૪૩ ડિગ્રીની નજીક પહોંચી જતા દિવસનો તાપ આકરો બન્યો હતો. ચૈત્ર આકાશે ચઢતા અગ્નજવાળ વરસી હતી. બપોરના સમયે નગરના માર્ગો તેમજ રસ્તાઓ સુમસામ બન્યા હતા. જયારે લઘુત્તમ તાપમાન પણ ગઈકાલની સાપેક્ષમાં ૪.૨ ડિગ્રી ઉંચુ આવતા મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ ઘટયો હતો. જેના લીધે રાત્રિના સમયે પણ મોડા સુધી વાતવારણમાં ગરમાવાની અસર જોવા મળી હતી. સવારે પણ ૯ વાગ્યાથી તડકો આકરો લાગતો હતો. ગરમીથી બચવા બપોરના સમયે નગરજનો ઘરની બહાર નિકળતા નથી. જયારે ઓફિસમાં પણ કર્મચારીઓ બહાર જવાનુ ટાળે છે. અંગ દઝાડતી ગરમીથી નગરજનો બેચેન છે.

# ગાંધીનગર બેઠકના ૧૫ ઉમેદવારોએ હિસાબ રજુ કર્યા

**ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ પાંચ લાખ કરતાં વધુનો ખર્ચ તેમના હિસાબોમાં જણાવ્યો હિસાબ રજુ ન કરનાર બે ઉમેદવારોને નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરાઈ**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર લોકસભા બેઠક પરના ૧૭ પૈકી ૧૫ ઉમેદવારોએ આજે તેમનો પ્રથમ હિસાબ રજુ કર્યો હતો. બે અપક્ષ ઉમેદવારોએ હિસાબ રજુ ના કરતાં હવે ચૂંટણી અધિકારી દ્વારા તેમને નોટીસ પાઠવવામાં આવશે.

આજે ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ખર્ચ નીરીક્ષકોની હાજરીમાં એકાઉન્ટીંગ ટીમ દ્વારા ઉમેદવારોના ખર્ચની ચકાસણી કરવામાં આવી હતી.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે શેડો રજીસ્ટરમાં જે ખર્ચ છે તે ખર્ચ મળતો ન આવતો હોવાથી ટીમ દ્વારા ઉમેદવારોને સ્પષ્ટતાઓ કરવા માટે જણાવવામાં આવ્યુ છે.

આજે મોડી સાંજ સુધી ખર્ચ ચકાસણીની કામગીરી ચાલી હતી. સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ભાજપ અને કોંગ્રેસ દ્વારા રજુ કરાયેલા ખર્ચ પ્રમાણે આ બન્ને મુખ્ય પક્ષના ઉમેદવારો દ્વારા રૂ. પાંચ લાખથી વધુ દર્શાવાયો છે.

અપક્ષ ઉમેદવારો દ્વારા બહુ ઓછા ખર્ચ બતાવવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

ઉમેદવારો દ્વારા ચૂંટણી માટે કરવામાં આવતા ખર્ચની મર્યાદા રૂ. ૭૦ લાખ નિયત કરાઈ છે. ઉમેદવારોએ મતદાન સુધીમાં ત્રણ તબક્કામાં તેમના હિસાબો રજુ કરવાના રહેશે. આજે પ્રથમ તબક્કાનો હિસાબ રજુ થયો હતો. હવે ૧૬મીના રોજ બીજા તબક્કાનો હિસાબ પુન: એકાઉન્ટીંગ ટીમ દ્વારા ચકાસવામાં આવશે.

ઉમેદવારોને ખર્ચ રજીસ્ટર કેવી રીતે નિભાવવા તે અંગે તંત્ર

● અનુસંધાન પાન-૭ પર

# અમિત શાહ આવતીકાલે ગાંધીનગરમાં આવશે

**કલોલમાં રોડ શો નુ આયોજન : ગાંધીનગરમાં પણ કાર્યકર્તાઓ સાથે બેઠક યોજશે : લોકસંપર્ક કરશે : કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ**

ગાંધીનગર તા ૧૨

લોકસભાની ચુંટણી આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ગાંધીનગર બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ ચુંટણી મેદાનમાં હોવાથી રાજકીય મીટ પણ આ તરફ મંડરાયેલી છે. અમિત શાહ આવતીકાલે ગાંધીનગર આવશે જયારે તેમની આ મુલાકાત દરમિયાન કાર્યકર્તાઓ સાથે પણ બેઠક કરશે.આ ઉપરાંત કલોલમાં રોડ શો નુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. રોડ શો ના અંતે કલોલમાં જાહેરસભાને સંબોધશે.

લોકસભાની ચુંટણીના આડે હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે રાજકીય પક્ષોએ પ્રચાર ઝુંબેશ પણ તેજ બનાવી દીધી છે. આકરી ગરમીમાં પણ સેકટરોની શેરીઓમાં ભાજપના કાર્યકરો પ્રચાર કરતા નજરે પડે છે.ગાંધીનગર બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ ચુંટણી મેદાનમાં હોવાથી કાર્યકર્તાઓ તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# હવે અલ્પેશ ઠાકોરને કોંગ્રેસ સસ્પેન્ડ કરે તેવી સંભાવના

**અલ્પેશની બિહારના સહપ્રભારીપદેથી હકાલપટ્ટી : અપક્ષ ઉમેદવારના પ્રચારમાં કોંગ્રેસ વિરોધી પ્રહારો કર્યા હતા : પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ અલ્પેશ વિરૂદ્ધ કાર્યવાહી**

અમદાવાદ,તા. ૧૨

કોંગ્રેસ સાથે તાજેતરમાં છેડો ફાડનાર અલ્પેશ ઠાકોરે તા.૧૦મી એપ્રિલે ફેસબુક પર કોંગ્રેસમાંથી રાજીનામું આપતો પત્ર મૂક્યો હતો પરંતુ સત્તાવાર રીતે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખને રાજીનામું નહી પહોંચાડયું હોવાની વાત સામે આવતાં ભારે વિવાદ સામે આવ્યો હતો. અલ્પેશ ઠાકોરે બે દિવસ પહેલાં પ્રેસ કોન્ફરન્સ કરીને સમાજના નામે તમામ પદો પરથી કોંગ્રેસને રામ રામ કરી દીધા હતા. બીજીબાજુ, ગઈકાલે બનાસકાંઠાના દિયોદરમાં અપક્ષ ઉમેદવારના સમર્થનમાં પક્ષ વિરોધી કાર્ય કરતાં કોંગ્રેસ તેની સામે પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રદેશ નેતાગીરી હાઈકમાન્ડને વિશ્વાસમાં લઈ અલ્પેશ ઠાકોરને સસ્પેન્ડ કરવાની તજવીજ હાથ ધરી છે. જો હાઈકમાન્ડ પગલાં લેશે અને સસ્પેન્ડ કરશે તો અલ્પેશ

● અનુસંધાન પાન-૭ પર



ગરમીમાં રાહત - આકરા તાપમાં અબોલ પક્ષીઓને ચણ - ચણવામાં કે પાણી પીવામાં ગરમીથી રાહત આપવા પક્ષી પ્રેમીઓએ ગ્રીનશેડ ઉભો કરી પક્ષી પ્રેમ અભિવ્યક્ત કર્યો હતો... મોટી સંખ્યામાં પક્ષીઓ ચબૂતરા પર ગરમીના દિવસોમાં તરસ છીપાવવા તથા ચણ-ચણવા ઉમટે છે....

# શહેરમાં બાકી રહેતા રસ્તાના કામોનુ ઠેકાણુ હવે ચોમાસા બાદ પડશે

ગાંધીનગર તા ૧૨

ગત વાઈબ્રન્ટ સમિટના અંતે બાકી રહેલા માર્ગ સુધારણાના કામો હવે આગામી ચુંટણી બાદ હાથ ધરાશે. શહેરમાં ગ માર્ગને પણ સિકસલેન બનાવાની યોજનાનુ કામ હજુ બાકી છે. ગ માર્ગ પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. ત્યારે માર્ગ સલામતીને અનુલક્ષીને ગ માર્ગ પર વોક વે તેમજ સાઈકલ ટ્રેક સહીતના નેટવર્કના નિર્માણ માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત નગરના ક માર્ગ તેમજ ખ માર્ગની સુધારણા સહીત વાઈડનીંગની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. હાલ શહેરમાં રસ્તાના કામો બંધ છે.

ગાંધીનગરનુ રોડ નેટવર્ક

**ખ-માર્ગને સિકસલેન બનાવવા ઉપરાંત 'ક' અને ખ-માર્ગનુ પણ બાકી કામ પુર્ણ કરવામાં આવશે**

બહારગામથી આવતા મુલાકાતીઓ માટે પણ આકર્ષણનુ કેન્દ્ર બને છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના કેટલાક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ હતુ. આ દરમિયાન માર્ગ સુધારણાની સાથે બ્યુટિફીકેશન પાછળ પણ તોતિંગ ખર્ચ કરાયો હતો. જયારે માર્ગ સુધારણાને અનુલક્ષી બાકી રહેતા કામો માટે પણ આયોજન કરાયુ છે. આગામી ચુંટણીના અંતે બાકીના કામો પણ હાથ ધરાશે. જેમાં ગ માર્ગને પણ સિકસલેન કરવામાં આવશે. જયારે આ માર્ગ પર સાઈકલ ટ્રેક પણ બનાવાશે. આ ઉપરાંત ક માર્ગની સુધારણાની કામગીરી પણ હાથ ધરાશે. જયારે ખ માર્ગ પર બાકી રહેતા

● અનુસંધાન પાન-૭ પર

# દ્વારકા વિધાનસભા બેઠકની ચૂંટણી રદ કરાઈ

અમદાવાદ, તા.૧૨

ગુજરાત હાઈકોર્ટે આજે મહત્વના અને ઐતિહાસિક ચુકાદા મારફતે ગુજરાત વિધાનસભાની

**પબુભા માણેકનું ધારાસભ્યપદ પણ રદબાતલ : કોંગ્રેસના મેરામણ ગોરિયાની પબુભાની જીતને પડકારતી અને ઉમેદવારી ફોર્મ રદ કરવાની અરજી કોર્ટે માન્ય રાખી**

૨૦૧૭માં યોજાયેલી ચૂંટણીમાં દ્વારકા વિધાનસભા બેઠકની ચૂંટણીના પરિણામો રદબાતલ ઠરાવ્યા છે. આ સાથે જ દ્વારકા બેઠક પરથી ચૂંટાયેલા ભાજપના ધારાસભ્ય પબુભા માણેકનું ધારાસભ્યપદ પણ હાઈકોર્ટે રદબાતલ ઠરાવ્યું છે. આ બેઠક પરના કોંગ્રેસના ઉમેદવાર મેરામણ ગોરિયા દ્વારા પબુભાની જીતને પડકારતી અને તેમનું ઉમેદવારીપત્ર ગંભીર ક્ષતિયુકત હોઈ રદબાતલ ઠરાવવા દાદ માંગતી ઈલેકશન પિટિશન ગુજરાત હાઈકોર્ટમાં કરાઈ હતી, જેને જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે અંશત : ગ્રાહ્ય રાખી હતી. જો કે, હાઈકોર્ટે દ્વારકા વિધાનસભાની ચૂંટણી રદબાતલ ઠરાવી હતી પરંતુ પબુભા બાદ બીજા નંબરે આવતાં મેરામણ ગોરિયાને વિજયી જાહેર કરવાનો હાઈકોર્ટે ઈન્કાર કરી દીધો હતો. જો કે, ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાને પગલે ભાજપને બહુ મોટો ઝટકો મળ્યો છે. કોંગ્રેસના મેરામણ ગોરિયા દ્વારા કરાયેલી ઈલેકશન પિટિશનમાં એડવોકેટ બી.એમ.મંગુકીયાએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, દ્વારકા વિધાનસભા બેઠકની ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર પબુભા માણેકે પોતાનું ઉમેદવારી પત્ર ભરતી વખતે ૧૧ નંબરના કોલમમાં વિધાનસભા મતવિસ્તાર દ્વારકા અને આ મતવિસ્તારનો ક્રમાંક ૮૨ લખવુ પડે તે લખ્યું જ ન હતુ. એટલે કે, ઉમેદવારે પોતે કયા મતવિસ્તારમાંથી ચૂંટણી લડી રહ્યા છે, તેનો ઉલ્લેખ જ કર્યો ન હતો અને આમ કરી પબુભા માણેકના ઉમેદવારી ફોર્મ ભરવામાં ગંભીર ક્ષતિ સામે આવી હતી. અરજદારપક્ષ દ્વારા એ જ વખતે તત્કાલીન ચૂંટણી અધિકારીનું તાત્કાલિક ધ્યાન દોરી પબુભાનું ઉમેદવારી ફોર્મ રદ કરવા માંગણી કરાઈ હતી પરંતુ અરજદારની

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com